**Divyabhaskar (Suppl.: Businessbhaskar)**

EDII

August 22, 2022
Pg. 9

ઉદ્યોગસાહસિકતાની વિભાવનાનો પરિચય મેળવવાની તક યુવાઓને આપવી જરૂરી

# યુવાવસ્થામાં ઈનોવેટિવ ઘડતર કરો, વૃદ્ધિ વિકાસના સાક્ષી બનવામાં સફળતા મળશે

ભારતે 15 ઓગસ્ટ, 2022ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી. ભારતના તમામ રાજ્યોના વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે રાષ્ટ્રવાદની ભાવનાનો પડઘો પાડે છે. એનાથી મને યાદ આવ્યું હતું કે, આ યુવા વિદ્યાર્થીઓની અંદર હંમેશા પ્રગતિ કરવાનો અને આગેકૂચ કરવાનો ઉત્સાહ, જુસ્સો છે તથા સફળતા હાંસલ કરવાની ભાવના છે. આ

**સ્કિલ ડેવલપમેન્ટ**

બૈશાલી મિત્રા

યુવા પેઢીને પ્રોત્સાહન આપવા આપણે તેમને સક્ષમ બનાવવા ઈરાદાપૂર્વક, વ્યૂહાત્મક, સુવિધાની પ્રક્રિયા પૂરી પાડવાની જરૂર છે.

મે જોયું છે કે, આપણા 'આંતરપ્રિન્યોરશિપ સ્ટિમ્યુલેશન એન્ડ એડવેન્ચર' કેમ્પ્સમાં યુવાનો એકબીજાને આનંદ સાથે 'હાય આંતરપ્રિન્યોર્સ' તરીકે સંબોધન કરે છે તથા વ્યવસાયિક વિચારો આપે છે, આર્થિક વ્યવહારિકતાને સમજવાનો પ્રયાસ કરે છે, એકબીજાની કામગીરીની સમીક્ષા કરે છે, તેમની અંદર છૂપાયેલી પ્રતિભાને બહાર લાવે છે અને સૌથી વધુ મહત્વપૂર્ણ બાબત એ છે કે, તેઓ તેમાંથી આનંદ મેળવે છે. આ કેમ્પ દરમિયાન એવી આનંદદાયક ક્ષણો હતી, જેણે કાળજીપૂર્વક કામ કરવા આતુર, નવા વ્યવસાયો ઊભા કરવા આતુર અને આધુનિક વિચારો ધરાવતા યુવાનોને તૈયાર કર્યા છે, જેની ભવિષ્યમાં દુનિયાને જરૂર છે. આપણા

## ઉદ્યોગસાહસિકની કુશળતાઓ માટેના અગત્યના માપદંડ

નાની વયથી ઉદ્યોગસાહસિકતા વિશે જાણકારી બાળકને આજીવન કુશળતાઓ મેળવવામાં મદદરૂપ થઈ શકે છે. એ જ રીતે આ બાળકોની અંદર કુશળતાઓ સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાથી ઉદ્યોગસાહસિકતા પેદા કરવા સકારાત્મક પરિણામ મળી શકે છે.'આ પ્રકારની થોડી કુશળતાઓ નીચે મુજબ હોઈ શકે છે



- અસરકારક લક્ષ્યાંકો નિર્ધારિત કરવા તેમને સક્ષમ બનાવવા
- નાણાકીય માહિતી પ્રદાન કરવી
- ત્વરિત સંતોષ ન મેળવવા અને ધૈર્ય કેળવવા તેમને મદદ કરવી
- એક ખર્ચ પર ઋણ લેવાની સુવિધા આપવી
- તેમને તેમની પોતાની સમસ્યાઓનું સમાધાન કરવા સક્ષમ બનાવવા
- રચનાત્મકતાને પ્રોત્સાહન આપવું
- તેમને સમુદાયો સાથે જોડવા
- તેમને મુશ્કેલીમાંથી બોધપાઠો ગ્રહણ કરવામાં મદદરૂપ થવું

આંતરપ્રિન્યોરશિપ કેમ્પમાં આ પ્રકારના એક યુવાન વિદ્યાર્થીએ કોવિડ-19 મહામારીના બીજા તબક્કા દરમિયાન વર્ગખંડમાં ઘણા સેનિટાઈઝરની જરૂર અનુભવી હતી અને તેમના પરિવારના તબીબી વ્યવસાયને સેનિટાઈઝરનું ઉત્પાદન કરવા વાળવાનું સૂચન ઝડપથી કર્યું હતું, જેમાંથી સારી આવક થઈ હતી. નવમા ધોરણમાં અભ્યાસ કરતા આ છોકરો 'આસપાસની જરૂરિયાત'ને પૂરી કરવાની પર્યાપ્ત સમજણ ધરાવતો હતો, જે વ્યક્તિને ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને કામ કરવા પ્રેરિત કરે છે, આ કેસમાં લાંબી, જોખમકારક, વળતરની ગણતરીને બદલે નવા વ્યવહારિક બિઝનેસ મોડલ રજૂ થયું હતું. આ ભવિષ્યના ચપળ ઉદ્યોગસાહસિકોને સંકેત છે, જેઓ VUCA દુનિયા સાથે કેવી રીતે સમાધાન કરવું એની સમજણ ધરાવશે. શાળાસ્તરે

### ઉદ્યોગસાહસિકતાના શિક્ષણ માટેની જરૂરિયાત

રોજગારીના સર્જકો પેદા કરવા દેશના સામાજિક-આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ માપદંડો પૈકીનો એક છે. રોજગારવાંચ્છુઓ પેદા કરવાને બદલે રોજગારસર્જકો પેદા કરવા વિદ્યાર્થીઓને તેમના ઘડતરના વર્ષો દરમિયાન ખાસ કરીને 12થી 15 વર્ષની વય ધરાવતા વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતાની વિભાવનાનો પરિચય મેળવવાની તક આપવી જરૂરી છે. શાળાના સ્તરે ઉદ્યોગસાહસિકતાના શિક્ષણની ઔપચારિક પ્રસ્તુતિ યુવાનોને 'સફળ' બનવા માટે મૂળભૂત ગુણોને પરિચય કરાવશે, જે રચનાત્મક, ઈનોવેટિવ યુવા પેઢીનું નિર્માણ કરવાના ઉદ્દેશ તરફ દોરી જશે અને તેઓ ઉદ્યોગસાહસિકો બની શકે છે. અભ્યાસક્રમ માનસિકતા બદલવા પર કેન્દ્રિત કરે છે.(લેખક :ઈડીઆઈઆઈ, અમદાવાદના ફેકલ્ટી છે)